# સુપ્રભાતમ્


સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




કૃષ્ણા-ગોદાવરી બેસીનનો ગેસ છૂટે છે,
બોગસ જાહેરાતોના હવે ફૂગ્ગા ફૂટે છે
તૂટે છે સંપર્ક પ્રજા સાથે ચૂંટાયા પછી -
ચૂંટણી ફંડ બદલે હવે ઉદ્યોગો લૂંટે છે..

ભરી તો દીધાં -
પ્રચારનાં પાણીથી -
નદી-તળાવો..

ગાજ્યા'તાં ઘણું
વરસાવ્યાં વચન
મૃગજળનાં..




## ચિંતન

**પરોપદેશ પાંડિત્યં સર્વેષાં સુકરં નૃણામ્ । ધર્મે સ્વીય મનુષ્ઠાનં કસ્યા ચિત્સુ મહાત્મનઃ ॥**

'બીજાને સલાહ-સૂચન-ઉપદેશ આપવામાં બૌધિક પંડિતાઇ બતાવવી એ બધાને માટે સરળ છે; પરંતુ ઉપદેશ એ જ ધર્મ પ્રમાણે પોતે-જાતે આચરણ કરવું - કે એ જ પ્રમાણે અમલમાં મૂકતો હોય એવું તો કોઇ વિરલ મહાત્મામાં જ જોવા મળતું હોય છે.'

લોકોનો સ્વભાવ હોય છે અને પોતે વધારે અનુભવી- જાણકાર છે એ પ્રસ્થાપિત કરવા પણ દરેક બાબતમાં એમને લગતા વિષય હોય કે ન હોય છતાં - સલાહ - સૂચન આપી પોતાનો મમરો તો મૂકે જ છે અને પોતાને પણ આ 'બાબતમાં' જ્ઞાન છે - આવડત છે એ જાહેર કરવા માંગે છે.

સાધુ-સંતો-કથાકારો-વયોવૃદ્ધ વડીલો-સાસુઓ-દાદીમાઓનો આ ખાસ સ્વભાવ હોય છે પરંતુ એ જ વાત જયારે પોતાના જીવનમાં કે આચરણમાં મૂકવાની આવે ત્યારે એનો અમલ કરતાં નથી પરંતુ એને બદલે વિકલ્પો અને છૂટછાટનો વિચાર મૂકે છે.

સત્યનો ઉપદેશ અને આચરણમાં અમલનું સંકલન ભાગ્યે જ કયાંય જોવા મળે છે.

## સુવિચાર

- સત્ય પ્રાપ્તિ માટે જયારે પ્રેમ, વાત્સલ્ય, અમીનજર, વિવેક આવશે ત્યારે જ અનહદની બારી ખૂલશે **- ગાંધીજી**
- ઉંમરલાયક તો આપમેળે થઇ જવાય છે.. લાયક થવામાં જીંદગી આખી વહી જાય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- આંખો બંધ રાખીને... જગતના દોષો જોવા મળે...!! આંખો સતત ખુલ્લી રાખીએ.. જાતનાં દોષ જોવા માટે...!! **- અરવિંદ**
- જેમ એકડા વગરનાં શૂન્યનું કોઇ મૂલ્ય નથી તેમ 'જાતના ભાન વિનાનું જ્ઞાન અજ્ઞાન સમાન છે' **- યુ. કૃષ્ણમૂર્તિ**
- નિર્મળ મન, પાવન હૃદય ધરાવતી વ્યક્તિ જ જીવનના ગૂઢ અને અસલી આધ્યાત્મિક અર્થને સમજી શકે છે **- ખલીલ જીબ્રાન**
- કોઇના ભોગે જો મારું અસ્તિત્વ ઊભું થતું હોય તો તેનાં કરતાં તો મોત મને પ્રિય લાગશે **- નેપોલિયન બોનાપાર્ટ**
- માણસને પોતાના ચહેરાના ડાઘ (અરીસા વગર) જોઇ શકાતા નથી તેમ માણસના સ્વભાવના નકારાત્મક પાસા પણ એને ખુદને દેખાતા નથી **- સ્વામિ રામતીર્થ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજે ઘણાં મંદિરોમાં 'નારિયેળ' વધેરવા - ઘણા પૈસા આપી એમના વતી ભગવાનને થાળ ધરાવવા - મંદિરમાં પૂજા-પાઠ-સ્તૂતિઓ કરાવવાનાં ભાવપત્રક હોય છે. મંદિરમાં આવકના સાધન ઊભાં કરવા માટે પૂજારી-ટ્રસ્ટીઓ અવનવાં ગતકડાં કરતાં હોય - ભક્ત અને ભગવાન વચ્ચે 'શ્રદ્ધા-વિશ્વાસ' સિવાય કોઇ બંધન-શરત-પર્દો ન હોય!

ભાવનગરથી ૧૫ કિ.મી. દૂર આવેલ મૂળ ખોડિયાર માતાનાં મંદિરમાં તે વખતનાં રાજવી ભવાનીસિંહે ચંડીપાઠ-શતચંડી હવનનું આયોજન કર્યું. ખૂદ પૂજામાં બેઠા - કોઇ દરબારીએ રાજાના કાન ફૂંક્યા 'બકરાનો બલિ' ચઢાવવો જોઇએ.

રાજાએ તે વખતે હાજર પૂજારીના પત્નીને કહ્યું - 'બકરાના બલિની વ્યવસ્થા કરો!'

પૂજારી કસ્તૂરીબેનની આંખ લાલ થઇ અને કપાળે ત્રિપુંડ ખેંચાણા અને બોલ્યા 'બાપુ બલિ ચઢાવવો જ હોય તો મારો ચઢાવો પણ કોઇ અબોલ પશુનો જીવ ન લેશો.' વચેટિયા દરબારીએ એ કયાં કયાં મંદિરમાં બલિ ચઢે છે નો વાદ-વિવાદ કર્યો. પણ કસ્તુરીબેન અડગ રહ્યાં. 'મા, ના ખોળામાં હત્યા નહીં થવા દઉં.'

રાજવી ભાવસિંહ સ્થિતિ પામી ગયા અને પ્રધાનને બોલાવીને આજ્ઞા આપી. કહ્યું, 'ખોડિયાર માનાં મંદિરે કોઇ દિવસ બલિ ન ચઢાવવાનો ઢંઢેરો બહાર પાડી દો.'

રાજાએ કસ્તુરીબેનની હિંમતને મનોમન વંદન કર્યાં.

Email - sureshchandrabhatt18@gmail.com

# યદા યદા મુંચતિ વાક્બાણં તદા તદા કુલસ્ય પરિચયં દદાતિ

## મોટા ભાગના રાજકારણીઓ મોઢું ખોલે ને પૈસા પડી જાય : તપસ પાલથી લઇને મુલાયમ સુધીનાઓની બળાત્કાર અને સ્ત્રી શબ્દ પ્રત્યેની માનસિક વિકૃતિ આપણી અંદરનાં માંહ્યલાને ધ્રુજાવી નાખે

### વિચાર યાત્રા

- ડો. જય ઓઝા

તપસ પાલ, બાબુલાલ ગૌર, મુલાયમસિંહ યાદવ, અખિલેશ યાદવ, અબુ આઝમી, આર. આર. પાટીલ... બોલો, આ બધામાં શું સામ્ય? આ બધા રાજકારણી તો ખરા પણ પોલિચિશ્યનોની એક જ ચોક્કસ પગંતમાં બિરાજનારાં, મોઢું ખોલે ને પૈસા પડી જાય એવા રાજકારણીઓમાં વિના વિચાર્યે આ મહાનુભાવોનો સમાવેશ કરી શકાય. જો કે યાદી ઘણી લાંબી છે. આટઆટલા રાજકારણીઓનાં પગ, શબ્દોના વગર વિચાર્યે કરાયેલા ઉપયોગથી સર્જાયેલા, વિવાદળનાં કૂંડાળામાં પડી ગયા હોવા છતાં સુધરે એ રાજકારણી નહીં.

રાજકારણની સંધિ, કારણ વત્તા રાજ થાય. આજ કાલ કારણ માટે રાજન હીં, પણ રાજ માટે કારણનો જમાનો છે. આથી મરાઠીની કહેવત વારંવાર કહેવી પડે કે આ રાજકારણીઓની જીભને હાડકું નથી. મંડી જ પડે... બોલતાં પહેલાં વિચારે એ બીજા. આપમે તો બોલ્યા પછી (એ પણ જો વિવાદ થાય તો) વિચારવાનું.

ટોલીવુડમાં અમોલ પાલેકર જેવા સુષ્ઠુ-સુષ્ઠુ રોલ કરનાર તૃણમૂલ કોંગ્રેસના સાંસદ તપસ રાજકારણમાં આવીને ગબ્બરસિંહની ભાષા બોલવા માંડ્યા. ઘડીભર એમ થાય કે આવું બોલી જ કઇ રીતે શકાય. 'જો કોઇ આપણી સ્ત્રી ભણી આંખ ઉઠાવીને જોશે તો માર્કસવાદી પક્ષના કાર્યકરોની સ્ત્રીઓ પર બળાત્કાર કરાવડાવીશું...' એવું બેહુદું અને ધૃણાસ્પદ વિધાન. સૌથી વિચિત્ર વાત તો એ કે તૃણમુલ ભણી માત્ર માર્કસવાદી પત્રના કાર્યકરો જ આંખ ઉઠાવીને જોઇ શકે. તપસે આવું ધારી જ લીધું છે. માર્કસવાદી પુરૂષ કાર્યકરો જો આંખ ઉઠાવીને જુએ તો તેની સંબંધી સ્ત્રીને નિશાર બનાવવી એ પણ કેવી ભયંકર માનસિકતા?

બળાત્કારની ઘટનાઓ અને પીડિતા પ્રત્યે જરીકે સહાનુભૂતિ ન દેખાડનારાં તૂણમૂલનાં સુપ્રીમો મમતા બેનરજીના પત્રના નેતા તપસની માનસિકતા દીદીના વહાલા થવા માટે કેળવાયેલી છે. બીજાને જે લાગે તે ભલે લાગે, પરંતુ દીદીને વાંધો ન હોય ત્યાં સુધી ગમે તેવો બફાટ કરો વાંધો નહીં. તૃણમૂલમાં આ થમ્બરૂલ છે અને તપસ એનું અનુકરણ કરતાં હોય તો નવાઇ નહીં. કદાચ તેઓ તૃણમૂલના વણલખ્યા નિયમને અનુસરતા ન હોય અને પોતાની અક્કલનું પ્રદર્શન કરતા હોય તોય નવાઇ નહીં. અમને તો બંને કારણ લાગે છે. એક તો બિન્દાસ્ત થઇ જવું અને પછી બફાટ કરવો. બિનદાસ્ત બફાટ જેટલો મોટો અપરાધ કોઇ નથી એવું હવે લાગવા માંડ્યું. વાત આટલેથી અટકતી નથી. તપસની કમેન્ટ વિશે મમતા દીદીએ પણ કમાલનાં શબ્દો વાપર્યા. શબ્દ વાપર્યા કહેવું પડે, કારણ કે તેમને રીતસરના શબ્દોને ખર્ચી નાખ્યા નહીં કે તેનો ઉપયોગ કર્યો. પશ્ચિમ બંગાલનાં સીએમ કહે છે કે તપસ બોલ્યા -

તો બોલા.. તો શું એના માટે એનો હું જીવ લઉં?

હવે ઝબાન સંભાલ કે... કોને કહેવું. અરે, બહેન તમને એટલું જ કહીએ છે કે બીજી વાર તપસ કે તમારા પક્ષનો બીજો કોઇ આલિયોમાલિયો આવી અભદ્ર ભાષા વાપરે નહીં એ માટે પગલાં લો. તપસને તૃણમૂલમાંથી કાઢી મૂકો કે તેને સાંસદપણેથી રાજીનામું આપવાની ફરજ પાડો. આકરાં પગલાં લો એટલી જ માગણી હતી એમાં જીવ લેવાની વાત આવી જ કયાંથી? તપસને ઊની આંછ ન આવી. માફીનું નાટક કરાયું. ઢાંકપિછોડો કરાયો. પાઠ શિખવાડવાનું તો ભૂલી જાવ, ઊલટાનો એવો સંદેશ અપાયો કે તમતમાલે બોલો જ બોલવું હોય... દેખા જાયેગા.

તપસ એકલા નથી બફાત - સમ્રાટોની જમાતમાં. ઇન ફેક્ટ, આખી ફોજ છે. સમાજમાં અત્યારે વારંવાર માથું ઉઠાવતી બળાત્કારી વિકૃતિ અને નેતાજીઓની માનસિક વિકૃતિને સમજવા માટે ગાંધીજીનાં ઉચ્ચારણો યાદ કરવાં પડે.

તમારી માન્યતા તમારા વિચાર બને.
તમારા વિચાર તમારા શબ્દો બને.
તમારા શબ્દો તમારું આચરણ બને.
તમારું આચરણ તમારી આદત બને.
તમારી આદતો તમારાં મૂલ્યો બને.
તમારાં મૂલ્યો તમારું પ્રારબ્ધ બને.

**- મહાત્મા ગાંધી**

બાપુનાં આ વાક્યો પોલિટિશિયનો પાસે રોજ ૧૦૦ વાર લખાવવાં જોઇએ. જો કે આવી ગધ્ધા મજૂરી કરાવ્યા પછી પણ તેઓ સુધરે એની ગેરંટી નથી. ગાંધીજીનાં દેશનાં નેતાઓમાં બળાત્કાર અને સ્ત્રી શબ્દ પ્રત્યે શૂન્ય સંવેદના છે અને એ દેશના સમાજની દસા અને દિશા ગભરાવી મૂકે છે. મીડિયાનો વિસ્ફોટ થયો છે અને કેમેરા સાથેનાં સેલફોન ઘરેઘરે ફરતાં થયા છે ત્યારે જઘન્ય માનસિકતા ધરાવનારા રાજકારણીઓને વાસ્તવિકતાનો જરા સરખો પણ ખ્યાલ નથી લાગતો. તપસનો જ દાખલો લો. તેના નિવેદનની ક્લિપ મોબાઇલ ફોન પરથી જ લેવાઇ છે અને એ સોશિયલ મીડિઆમાં ઘડીના છઠ્ઠા ભાગમાં વાઇરલ થઇ ગિ. બાકીનું કામ ન્યૂઝ ચેનલોએ કર્યું. બે દિવસ સુધી તેનો મારો થયા જ કર્યો. કાઉન્સેલરો બાળકો-કિશોરો હોય એ ઘરમાં ટીવી ચાલુ ન કરવાની સલાહ આપે છે એ યોગ્ય છે. બાળકો તપસ - વાણીમાંથી શું શીખવાનાં?

જો કે તપસને પણ પછાડે એવાં વિધાન અન્ય કરી ચૂક્યા છે. છત્તીસગઢનાં ગૃહપ્રધાન રાવસેવક પાઇક્રાએ કહેલું કે આવા બનાવો ઇરાદાપૂર્વક નહીં પણ અકસ્માતે બને છે. મહારાષ્ટ્રના ગૃહપ્રધાન આર.આર. પાટીલ પણ બોલવાનું આવે તો ઝાલ્યા ઝલાય એવા નથી. 'અદ્ભુત' વાત કરી કે જો દરેક ઘરમાં પોલીસ પૂરી પાડવામાં આવે તોય મહિલાઓ પરનાં અત્યાચાર અટકાવી ન શકાય... આનું કારણ અશ્લિલ જાહેરખબરો છે.

વાહ, શું અર્થઘટન છે આબાનું.

મધ્યપ્રદેશના ગૃહપ્રધાન બાબુલાલ ગૌરનું પણ વિધાન તેમનાં ચરણઓ શોધવાનું મન થાય એવું છે. ગૌર સાહેબ કહે છે કે બળાત્કાર એક સામાજિક અપરાધ છે જેનો મદાર સ્ત્રી અને પુરૂષ બંને પર છે. એ કયારેક યોગ્ય હોય છે, કયારેક અયોગ્ય.

બળાત્કાર યોગ્ય હોઇ શકે?

કાયદો અને વ્યવસ્થાના ધણી ગૃહપ્રધાનોના વિચારો તો સાંભળ્યા, હવે દેશના સૌથી મોટા રાજય ઉત્તરપ્રદેશના વર્તમાન - ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પુત્ર-પિતાને શું કહેવું છે એ પણ જાણીએ.

બદાયું રેપ પ્રકરણ અંગે મહિલા પત્રકારે અખિલેશ યાદવને પ્રશ્ન કર્યો તો મુલાયમ - પુત્રે સામો સવાલ કર્યો કે તમારી સામે તો કોઇ ખતરો નથી ને?

આ ભાઇના પિતાશ્રી તો ચાર ચાસણી ચડે એવા છે. મુલાયમ બળાત્કાર વિશે કહે છે કે લડકોં સે ઐસી ગલતી હો જાતી હૈ, તો ઇસકા યે મતલબ નહીં કી ફાંસી દે દી જાયે. મુલાયમના જ પક્ષનાં અબુ આઝમીએ તો હદ કરી નાખી જયારે એમને કહ્યું કે લગ્નેતર સંબંધો ધરાવનારી મહિલાને ફાંસીએ ચડાવી દેવી જોઇએ. આંધ્ર પ્રદેશના એક સમયનાં કોંગ્રેસના વડા બોત્સા સત્યાનારાયણે કહેલું કે ભારતને મધરાતે આઝાદી મળી એનો અર્થ એવો નથી થતો કે સ્ત્રીઓ રાત્રે બહાર નીકળી શકે.

હજી તો આપણે ખાપ પંચાયત અને દિગ્વિજયસિંહની વાત નથી કરતા. આ બધા તો ખાપને સારા કહેવડાવે એવા છે. રાહુલબાબાના ખાસ ગણાતા દિગ્ગિરાજાએ કોંગી યુવરાજની નજીક ગણાવતાં મિનાક્ષી નટરાજન મટે '૧૦૦ ટચ માલ' જેવા શબ્દો વાર્યા હતા દિગ્ગી તો ઠીક, પણ બળાત્કાર સંબંધે છેલ્લા થોડા સમયમાં ભારતીય નેતાઓએ જે નિવેદનો કર્યા છે એની આંતરરાષ્ટ્રીય સ્તરે પણ નોંધ લેવાઇ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની કમિટી ઓન ધ ક્વેન્શન ઓફ ધ ઇલિમિનેશન ઓફ ઓલ ફોર્મ્સ ડિસ્ક્રિમિનેશન અગેઇન્સ્ટ વિમેનની બેઠકમાં અમેરિકાનાં પ્રતિનિધિમંડળે ભારતીય ડેલિગેશન પાસે રીતસરનો જવાબ માગ્યો હતો.

શું જવાબ આપે ભારત? આમાં ખાટલે મોટી ખોડ એ છે કે આવાં નિવેદનો કરનારાઓ જ કયો અને કેવો કાયદો ઘડવો એ ધારાસભાઓમાં નક્કી કરે છે. કદાચ એટલે જ ભરપૂર છટકબારીઓ સાથેના કાયદા ભારતમાં ઘડાય છે.

શીર્ષક અર્થ :

જયારે - જયારે મોઢામાંથી શબ્દે ફેંકે છે, ત્યારે ત્યારે પોતાના કુળનો પરિચય આપે છે.

# ગાંધીવાદી વિચારધારાના સાધક શિશુવિહાર સંસ્થાના કેળવણીકાર ઇન્દિરાબહેન ભટ્ટ

### મોંઘેરા મોતી

- નટવર આહલપરા



ગાંધીજીએ રાષ્ટ્રીય ચળવળની સાથે સાથે સમાજક્ષેત્રે પણ પરિવર્તન આવે તેવા પ્રયોગો તેમના જીવન દરમિયાન હાથ ધર્યા હતા. કેળવણીમાં પણ બુનિયાદી શિક્ષણની સાથે સાથે શ્રમપ્રધાન હસ્તઉદ્યોગની તાલીમ ઉપર તેઓશ્રી ભાર મૂકતા હતા. કેળવણીમાં સ્વાશ્રય અને સ્વાવલંબન જેવા શબ્દોને તેઓએ મૂર્તસ્વરૂપ આપ્યું. ગાંધીવાદના રંગે રંગાયેલા ઘણા કેળવણીકારો સૌરાષ્ટ્રમાં હતા તેમાંના એક એટલે પૂ. માનભાઇ ભટ્ટ. તેમના દ્વારા સ્થપાયેલી સંસ્થા એટલે ભાવનગરની શિશુવિહાર શાળા. અહીં આ સંસ્થામાં બાળકેળવણી ઉપરાંક અનેક પ્રવૃત્તિઓ હાથ ધરાવમાં આવે છે. જેનાં દ્વારા ખાસ કરીને મહિલાઓ પગભર બની શકે.

પરંતુ મોટા પ્રકાશના સહયોગમાં રહેલા નાના પ્રકાશ પ્રત્યે ઘણીવાર લોકોનું ધ્યાન જતું નથી. આવું જ ઇન્દિરાબેન માટે બન્યું છે. 'શિશુ વિહાર' સંસ્થા અને માનભાઇ આ બંને પર્યાયવાચી બની ગયેલા માનભાઇ પછીના નામો પ્રત્યે લોકોનું ધ્યાન ખાસ જતું નથી. એવું જ કંઇક ઇન્દિરાબેન માટે બન્યું છે.

માનભાઇ 'હાથે લોઢું, હૈયે મીણ' જેના જનસેવારત 'કર્મયોગી' પિતા પાસેથી ઇન્દિરાબહેનને સેવાનાં સંસ્કાર મળ્યા છે તો માતા-હીરાબેન પાસેથી તેમને ધાર્મિક શ્રદ્ધા, ભક્તિ અને કલાના સંસ્કાર મળ્યા છે. ગાંધીવિચારથી રંગાયેલા પિતા માનભાઇ ભટ્ટના સેવાપરાયણ કામમાં ટેકારૂપ બનવા ઇન્દિરાબહેનને સાંસારિક યાત્રા પહેલેથી જ ત્યજી દીધી હતી. ખાદીના સફેદ વસ્ત્રો સિવાય કોઇ પણ આભૂષણ ન પહેરી, કરકસર અને સાદગીયુક્ત જીવન જીવવાનો સંકલ્પ તેઓશ્રીએ બાળપણથી જ સહજ રીતે સ્વીકારેલો. તેઓ પી.ટી.સી.થી એમ.એડ્. સુધીની ઉચ્ચ ડિગ્રી ધરાવે છે. પિતાની જ સંસ્થામાં કેળવણીક્ષેત્રે તેમનું યોગદાન મહત્ત્વનું છે. ૧૯૬૨ થી ૧૯૭૮ સુધી શિશુવિહારની માધ્યમિક શાળામાં આચાર્ય તરીકે સેવા આપ્યા બાદ ૧૯૭૯માં જયારે ગુજરાત રાજયના શિક્ષણ વિભાગે શિશુવિહારની ધોરણ ૧ થી ૧૧ની શાળા માટેની સરકારી ગ્રાંટ અનિવાર્ય કરી ત્યારે ઇન્દિરા બહેન શાળાના આચાર્ય તરીકે મળતા સરકારી વેતનને ત્યજી, પદ પરથી રાજીનામું આપી, જનસેવા પ્રત્યેના લગાવનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

શાળાના આચાર્યા તરીકેની પદવીમાંથી રાજીનામું આપ્યા બાદ ઇન્દિરાબેનના જીવનમાં જનસેવાનો યોગ પ્રબળ જોવા મળે છે અને સમાજક્ષેત્રે તેમની પ્રવૃત્તિઓનો વિસ્તાર વધુ વિસ્તૃત બને છે. જેમ કે ભાવનગર શહેરના કરચલિયા પરા નામે મજૂર વિસ્તારમાં બાળકોમાં બાલવાડી પ્રયોગોને પ્રસ્થાપિત કરી તેનું પાંચ વર્ષ સુધી સફળ સંચાલન કર્યું. ઇન્દિરાબેન ૧૯૫૪માં ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ તરીકે જયપુર ખાતે યોજાયેલ અખિલ હિંદ સ્કાઉટ ગાઇડ જામ્બુરીમાં ભાગ લીધો હતો. ત્યારબાદ ભાવનગર જિલ્લા સ્કાઉટ ગાઇડ સંઘમાં અનન્ય સેવા આપી છે.

દિવ્ય જીવન સંઘ, ઋષિકેશના પ્રમુખ બ્રહ્મલીન સ્વામી ચિદાનંદજી મહારાજના હસ્તે સેવાપદક મેળવનાર ઇન્દિરાબેને ભાવનગરના માધ્યમ થકી અસંખ્ય વિદ્યાર્થીઓમાં શિક્ષણ, સેવા અને સંસ્કારના બીજ રોપ્યા છે. ભાવનગર મુકામે દિવ્યજીવન સંઘની શાખામાં તેઓશ્રીએ મંત્રી તરીકે રહીને સંસ્થાની પ્રવૃત્તિને વેગ આપવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. શિશુવિહાર સંસ્થા સાથે તેમનો નાતો અનન્ય રહ્યો છે. આ સંસ્થાના વિકાસમાં પૂ. માનભાઇની સાથે રહીને તેને મહત્ત્વનું યોગદાન આપ્યું છે અને બાળવિકાસના શૈક્ષણિક કાર્યક્રમને મૂર્તિમંત બનાવવા તેઓશ્રી સતત ક્રિયાશીલ રહ્યા છે. સંસ્થાની માધ્યમિક શાળામાં આચાર્ય તરીકે તેઓશ્રીએ વર્ષો સુધી સેવાઓ આપી છે અને શાળાના વિદ્યાર્થીઓ આજે પણ તેમને યાદ કરે છે.

તેમનો જન્મ ૨૨-૬-૧૯૩૮ના રોજ પિતાશ્રી માનભાઇ ભટ્ટ અને માતુશ્રી હીરાબેનના પરિવારમાં થયો અને આ પરિવાર પૂર્ણ રીતે શિક્ષિત અને ગાંધીવાદી વિચારસરણીથી રંગાયેલો પરિવાર કહી શકાય. ઇન્દિરાબહેન સેવા અને શિક્ષણના ભેખધારી કહેવાય કારણ કે તેમને તે માટે સંસારજીવનનો પણ ત્યાગ કર્યો છે. પોતે. પી.ટી.સી., બી.એડ્ એન એમ.એડ. સુધીનું શિક્ષણ મેળવેલા મહિલા કાર્યકર છે. અને શિશુવિહાર પ્રાણવલક્ષી હાઇસ્કૂલમાં ૧૯૬૨ થી ૧૯૭૮ સુધી આચાર્ય પદે રહ્યા છે તેથી વિદ્યાર્થી જીવનની ફિલસૂફીથી પણ સારા એવા વાકેફગાર છે. તેમને વિદ્યાર્થીઓમાં સ્કાઉટની પ્રવૃત્તિનો સારો એવો પ્રસાર કર્યો છે. અને તેઓશ્રી જિલ્લા ભારત સ્કાઉટ ગાડિ સંઘનાં ગાઇડ કમિશ્નરની સેવા પણ આપી ચૂક્યા છે.

શિશુવિહાર એટલે વૈદિક શિક્ષણનો પર્યાય. ઇન્દિરા બહેને પોતાના કૌશલ્ય દ્વારા સંસ્થાના બાળકોને હસ્તઉદ્યોગની તાલીમ આપવાનો પ્રારંભ કર્યો. ૨૩ વર્ષથી ઇન્દિરાબહેન અવિરત રીતે બાળકોને હસ્ત ઉદ્યોગની તાલીમ આપે છે. પ્રતિવર્ષ ૩ થી ૪ હજાર બાળકોને માટે એ સંદેશ છે કે ક્રિયાશીલ જીવન એ જ ઇશ્વરની પૂજા છે.

ગુજરાતના અદના સેવક માનભાઇ ભટ્ટના નિધન પછી વર્ષ ૨૦૦૨થી ઇન્દિરાબહેન શિશુવિહારના માધ્યમથી માનભાઇ દ્વારા પ્રજ્જવલિત સેવા જયોતને અખંડ રાખી છે. સવારે ૫.૩૦ થી શરૂ થતી તેમની દિનચર્યામાં શિશુવિહારની અનેકવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત પોતાના ૯૩ વર્ષના માતા હીરાબેનની સેવા પણ તેઓ કરી રહ્યા છે.

આજનો સમય વૈયક્તિક વિકાસ પ્રત્યે દોરી જનાર બન્યો છે. ત્યારે સમાજ જીવન અને કુટુંબ જીવનને સ્વસ્થ અને વિકસિત રાખવા પોતાની જાતને ઘસી નાખનાર ઇન્દિરાબેન જેવું વ્યક્તિત્વ સમાજ જીવન માટે પ્રેરણારૂપ છે. નાના હસ્ત કૌશલ્યની રચનાઓ દ્વારા સતત પ્રવૃત્તિમય રહેતા અને સ્વાવલંબી રહી પોતાને નિજી નિર્વાહ કરતા ઇન્દિરાબહેન ગુજરાતની નારી માટે ગૌરવરૂપ વ્યક્તિત્વ છે. તેમને અનેક શુભેચ્છાઓ.

# ગીત ગંગા : ભક્તિની ગંગોત્રી સમાન ભક્તિરસથી ભરપૂર કાવ્યોનો રસાસ્વાદ

### ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

શ્રી હરિભાઇ કોઠારી રચિત ભક્તિરસથી ભરપૂર એવું ગીત ગંગા નામનું પુસ્તક એક કાવ્યસંગ્રહ છે. પુસ્તકના મથાળા પાસે જ તેમણે યોગેશ્વર ભગવાનને પ્રાર્થના સ્વરૂપે એક કાવ્યકણિતા રજૂ કરેલ છે.

''નાનો ગણે કે મોટો ગણે
ખુશ હું પ્રભુ, તું મને તારો ગણે તો
તારાં જ કામ મહિં ઘસવી આ કાયા
એકરૂપ તારી યોગેશ્વર છે માયા''

ઇશ્વરને પ્રાર્થના કરીને કહીએ કે હે ઇશ્વર તારાં ચીંધેલાં કામે, તારા ચિંધેલા માર્ગે હું મારૂં જીવન વ્યતીત કરીને તારી જ બક્ષેલી આ કાયાને ઘસી નાખીને તારામાં એકરૂપ થઇ જઉં એવી માયા મારામાં રહે તેવી ચેતના જગવજે. તું મને નાનો ગણે કે મોટો હું તો જે છું એ તારી જ કૃપા છે.

એક ભક્તિસભર કાવ્યોમાં કવિશ્રી કહે છે કે -

''પ્રભુના ભરોસે હું જગમાં ફરું છું,
મુસીબતમાં માધવને સ્નેહ સ્મરું છું,
ભલે હોય તોફાન સાગરમાં ભારે,
તૂટેલા તરાપાથી સાગર તરું છું,
મુસીબતમાં માધવને સ્નેહે સ્મરું છું.
ન અકળાઉં આંધીથી કો' દી' હું મનમાં,
સદા સત્યપંથે હું આગળ ધપું છું.''

મારા જીવનમાં ગમે તેવી તકલીફો આવે જીવનરૂપી સાગરમાં ગમે તેવી અડચણો આવે છતાંય હું હે ઇશ્વર આવી બધી તકલીફો કે આંધીથી, તોફાનોથી, અડચણોથી, હિંમત હાર્યા વગર સ્વસ્થ મને જીવવવા માટે તુટેલાં ફુટેલા જેવા તેવા સાધનો મળ્યા છે તેના સહારે જીવનરૂપી સાગરમાં અકળાયા વગર સત્યના માર્ગે જીવન જીવી શકું એવી તાકાત અને ચેતના જગવજે.

બીજી એક ભક્તિકાવ્યમાં કવિશ્રી કહે છે કે -

''જીવનમાં આવે ભલે તડકાનેં છાયા
સ્વાર્થના સંબંધોમાં સઘળાં રમે છે.
સાચવે સૌને તું, રંક હો કે રાય
ના સુખમાં ફૂલાતો, ના દુઃખમાં મુંઝાતો,
તારી કૃપાથી રહું, મનમાં મલકાતો''

હે ઇશ્વર મારા જીવનમાં તડકાને છાયા સમાન સુખદુખ આવે છતાં તારા ઉપર શ્રદ્ધા રાખીને સંજોગોને આધીન થઇને જીવતા શીખું એવી તાકાત આપજે. તેમજ સુખ મળે તો હું ફુલાઇ ના જઉં અને દુખ આવે તો મુંઝાઇ ના જઉં અને તારી કૃપાથી હું હંમેશા મલકાતો રહું એવી ચેતના જગવતો રહેજે.

બીજા એક ભક્તિગીતમાં કવિશ્રી કહે છે કે -

''જીવું એવું જીવન પ્રભુ તુજને ગમું રે,
બુદ્ધિ બનાવું એવી, કે જાતને પિછાને,''

હે ઇશ્વર હું એવું સારી રીતે, સારા વાણી-વર્ણન વ્યવહારથી જીવું કે હું તને ગમવા લાગું. તેમજ મારી બુદ્ધિને એવી સતેજ રાખું કે હું મારી જાતને ઓળખીને આત્મદર્શન કરીને જીવું કે જેથી હું તને ગમવા લાગું.

બીજા એક કાવ્યમાં ઇશ્વરને સંબોધીને કવિશ્રી કહે છે કે -

''પાપ તણો પડછાયો જીવનમાં ના આવતો
ભય કેરુ નામ કે નિશાન હું ના જાણતો''

હે ઇશ્વર મારા જીવનમાં કદી પાપનો પડછાયો ના પડે. હું ભૂલેચૂકે કોઇ પાપ ના આચરું અને તેની અસર મારા જીવન ઉપર પડછાયા રૂપે ના થાય તેવી ચેતના જગવજે. ઉપરાંત હું કોઇ તકલીફો, સંઘર્ષોથી ડરી ના જઉં અને હિંમત હારી ના બેસું તે માટેની ચેતના જગવતો રહેજે.

''દિનતા કે લાચારી મનમાં ના આવતી
દિલની ગરીબી કદી મુજને ના ભાવતી
સાધન સંપત્તિના અહમમાં ના રાચતો
ગુણનો ઘમંડ નહિં જીવનમાં ધારતો
જીવનની કડવાશો દૂર છે હઠાવવી
પ્રેમ થકી જીવન મીઠાશ છે વધારવી
ક્રોધને આધીન નહીં થાતા, સૈનિક સાચા રે,
ફૂલથી કોમળ બની રહેતા, સૈનિકો સાચા રે,
નમ્ર બની જગ માંહી ફરતા, સૈનિક સારા રે.''

હે ઇશ્વર હું કદી મનથી લાચારી અને દિનતા ના અનુભવું. તેમજ પૈસા અને સંપત્તિનો અહમ મારામાં ના પ્રવેશે, મારામાં રહેલાં માનવીય ગુણોને કદી ઘમંડ ના કરું, ઉપરાંત મારા જીવનમાં કડી કડવાશ ના આવે અને પ્રેમસભર એવી જીવનમાં મીઠાશ રહે, મારામાં બીજા પ્રત્યે ક્રોધની લાગણી પેદા ના થાય.

અને જીવનમાં નમ્રતા રાખી ફૂલોથી પણ કોમળ બનીને બીજા પ્રત્યે વ્યવહાર રાખું એવો સૈનિક મને બનાવજે.

ઉપરાંત એક કાવ્યમાં કવિ કહે છે કે -

''વિત્ત કાજ જીવનનો ભાવ ના ગુમાવીએ,
સ્વાર્થ સાધવામાં ના સંબંધ તો બગાડીએ,
બુદ્ધિશક્તિ ના સ્વાર્થમાં ગુમાવીએ
ઇચ્છાશક્તિ ના ખોટી બગાડીએ,
શ્રદ્ધાની મૂડીને જીવન ટકાવીએ.''

અર્થાત્ વિત્ત માટે પૈસા અને સંપત્તિની લાલચમાં ઇશ્વર પ્રત્યેનો ભાવ ના ગુમાવું. ઇશ્વરે આપેલી બુદ્ધિની તાકાકને સ્વાર્થમાં આંધળાં બનીને વેડફી ના નાખું તેમજ મારી ઇચ્છાશક્તિને ખોટા માર્ગે વેડફી ના નાખું અને જીવનમાં ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા ટકાવી રાખું એવી ચેતના જગવતો રહેજે.

બીજા એક કાવ્યમાં કવિ કહે છે કે

''ના નમીએ, ના નમીએ, ના નમીએ
વિઘ્નોની સામે ના નમીએ
અણનમ બનીને ઊભા રહીએ
દુશ્મનને દોસ્ત કરી, કામે લગાડીએ
અગવડમાં સગવડ સદૈવ જોઇએ
ચડીએ પડીએ ને પાછા ઉઠીને લડીએ''

હે ઇશ્વર જીવનમાં વિઘ્નો યાને મુશ્કેલીઓ આવે તો નમ્યા વગર તેને પાર કરવાની તાકાત આવે. દુશ્મનોને દોસ્ત ગણીને સહુ હળી મળીને કામ કરીએ, અગવડોને સગવડો માનીને જીવન જીવીએ ચઢતી આવે કે પડતી આવે તો ફરી પાછા ઉઠીને જીવન જીવીએ એવી તાકાત આપજે.

(અનુસંધાન પાના નં. ૬ પર)